**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૫૮ ટકા

# ગેંગરેપના આરોપીઓનું એન્કાઉન્ટર સરાહનીય

**હૈદરાબાદની ગેંગરેપ પીડિતા પ્રિયંકા રેડ્ડી જેના પર દુષ્કૃત્ય કરી તેને સળગાવી મારી નાંખવામાં આવી હતી તેના ચાર આરોપીઓનું આજે હૈદરાબાદ પોલીસ દ્વારા એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. આમ તો છેલ્લા સાતેક વર્ષથી પેન્ડિંગ નિર્ભયા બળાત્કાર કેસ જે બાબતે હજી કોઈ પગલા લેવાયા નથી તે સિવાય દેશના ઘણા ખૂણામાં થયેલ રેપની પૂરતી સજા અત્યાચારીઓને મળી નથી અથવા તો રેપ પિડીતાને પૂરો ન્યાય મળ્યો નથી. પ્રિયંકા રેડ્ડી દોષિતોના કરાયેલ એન્કાઉન્ટરના નિર્ણયને શહેરની મહિલાઓ દ્વારા બિરદાવવામાં આવ્યો છે.**

● એક મહિલા તરીકે સામાજીક વ્યકિત કરીકે અત્યાચાર કરનાર વ્યકિતઓને તેમના દુષ્કૃત્યની સજા મળે સમગ્ર સમાજમાં દાખલો બેસે એ આવકાર્ય અને જરૂરી લાગે છે. દોષિતોનું એન્કાઉટર થયું દરેક મહિલાઓએ અને અન્યોએ આ એન્કાઉન્ટરની ઘટનાને વધાવી છે કારણકે એમની સંવેદના આ દુષ્કૃત્યનો



ભોગ બનનાર મહિલા માટેની જ હતી અને તેમનો આક્રોષ દોષિતો તરફ હતો પણ આ બનાવની બીજી બાજુ વિચારીએ તો થોડાક પ્રશ્નો જાગે કે આવા બનાવો વખતે શું એન્કાઉન્ટર જ આખરી ઉપાય હશે? દર વખતે એ શકય બની શકશે?

**- પ્રજ્ઞાબેન પટેલ**
**(આત્મન ફાઉન્ડેશન)**

● ગેંગરેપ પિડીતાના આરોપીઓના એન્કાઉન્ટર દ્વારા સમાજમાં એક સજાનો ઉત્તમ દાખલો બેઠો. પરંતુ ચારેયને એન્કાઉન્ટર કરવાથી પિડીતાને સળગાવીને મારી નાંખી જે ત્રાસ ગુજાર્યો હતો આ બધી યાતનાનો બદલો ત્યારે જ મળે કે આ આરોપીઓને ક્રમશઃ હાથ, પગ, કાન કાપી આંખ કાઢીને હાથમાં આપવી કે પિડીતાના સગા અને અન્ય મહિલાઓ તેને બુરી રીતે



જોવે તે રીતે કાપી નાંખો અને માટે તે વધુ યોગ્ય ગણાત, આરોપીઓના (ચારેય) એન્કાઉન્ટરથી સમગ્ર નારી જગત અભિનંદન તો આપે છે કે જલ્દીથી આ દિશામાં આગળ આવી સજા મળી. હજી તમામ આવા કેસોનો નિકાલ ફાસ્ટ્રેક કોર્ટમાં જલ્દી કરવો જોઈએ. પિડીતા પણ જો તેના આરોપીને મારી નાંખે તો તેને સજા ન થવા દેવી જોઈએ.

**- ડો. ચેતનાબેન બુચ**
**પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ**

● હા, હું આ દોષીઓના એન્કાન્ટરથી ખુબ જ ખુશ છું. જે દીકરી ઉપર દુષ્કર્મ થયું અને તેને સળગાવી દેવામાં આવી. આવી અત્યંત ક્રુર ઘટના બની તે સાંભળતા જ અત્યંત દુઃખ અને ક્રોધની લાગણી થઈ. તો આ દીકરીના માતા-પિતા પર જે વીતતી હશે એ તો તેઓ જ સમજી કે અનુભવી શકે. આવા દુષ્કર્મીઓનું એન્કાઉન્ટર થયું તેનાથી ખુશી તો છે જ પરંતુ જો દેશનો કાયદો જ તેને યોગ્ય અને ઝડપી સજા કરાવી શકયો હોત તો વધારે ખુશી થાત. દુનિયાના અનેક દેશોમાં આવા ક્રૂર કૃત્યો માટે લાયક અને



ઝડપી સજા અમલમાં છે. આપણી લોકશાહી પણ કાયદામાં અને ન્યાયિક પ્રણાલીમાં પરિવર્તન લાવીને આવા ગુનેગારોને ઝડપી સજા અપાવી શકે તે ખૂબ જરૂરી અને સર્વસ્વીકૃત બનશે. જો કે દુષ્કર્મીઓના એન્કાઉન્ટરના કારણે હવે આવા કુકર્મો અને જઘન્ય અપરાધ કરનારાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેવું જણાય છે. આજે વ્યાપેલી ખુશીની લહેરમાં હું પણ સામેલ છું.

**- આશાબા સરવૈયા,**
**સામાજજીક કાર્યકર**


● કાયદા એ કાયદાનું કામ કર્યું જ છે. પરંતુ આપણા દેશમાં જે વિકૃતિની સમસ્યા છે તેનું સમાધાન થતું નથી. ખરેખર તો આ પ્રકારના ખૂબ જ ઝડપી ન્યાયનો અમલ કરવાનો સમય હવે આવી ગયો છે. તથા દિકરીઓને પણ શાળા



અભ્યાસ સ્તરેથી જ જો સ્વરક્ષણની તાલીમ અપાય તો તે પણ ઘણી મદદરૂપ થઈ શકે. આ દોષિત એન્કાઉન્ટર વિશે સાંભળી હું ખુશીની લાગણી અનુભવું છું.

**- નીતાબેન ધોકાઈ,**
**પ્રમુખ, જલારામ મંહિલા મંડળ**

● ભારતના ન્યાયતંત્ર



પર મને પૂરો ભરોસો છે. પણ ન્યાયતંત્રની કાર્યશીલતામાં વિલંબ થતો હોવાને કારણે મહિલાઓમાં અસંતોષની લાગણી અનુભવાય છે. જેમ કે નિર્ભયાનો કેસ આપણી સામે જ છે. ત્વરિત નિર્ણય લેવાય અને અપરાધીને જો આમ જ ત્વરીત સજા થાય તો દરેક સ્ત્રી સુરક્ષિતતાની લાગણી અનુભશે. મારા મતે મહિલાઓ માટે એક અલગ કાઉન્સિલીંગ ટીમ હોવી જોઈએ જેથી મહિલા પોતાની વાત તેમના સામે મુકી શકે.

**- દક્ષાબેન જાદવ,**
**પ્રમુખ, લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર**

● દેશમાં દરરોજ દરેક ક્ષેત્રે કોઈને કોઈ ખુણામાં કોઈ નિર્ભયા પર રેપ થાય છે. એકના સમાચાર ભુલાતા નથી ત્યાં



બીજા આવી જાય છે. દર ચાર રેપના કિસ્સામાંથી ત્રણ અપરાધી નિર્દોષ છુટી જાય છે અને તેમની સજામાં પણ વિલંબ થાય છે. આ કિસ્સામાં પ્રિયંકા રેડ્ડીને જે ત્વરીત ન્યાય મળ્યો તે દાખલારૂપ બની રહેશે. નરાધમોને યથાયોગ્ય સજા જ મળી છે.

**- વૈશાલીબેન જોષી**
**સામાજીક કાર્યકર**

● રાજાશાહી દરમિયાન જાહેરમાં કોરડા ફટકારવાની સજા હતી તેનો આપણે સરમુખત્યાર શાહી કહેતા પરંતુ અમુક પ્રકારના ગુના કે જેમાં બોધપાઠ બેસાડી બીજા ગુના અટકે તે માટે 'તુરંત દાન મહાપુન્ય' એટલે કે 'સજા એ મોત યોગ્ય જ' છે. આમ તો



આ નિર્ણય આપીને ત્વરિત ન્યાય આપવાની કોશીશ કરી કહેવાય મારા મતે આ ત્વરિત સજા યોગ્ય જ છે. આ દાખલો જોઈ બીજા ગુના પણ અટકી જશે.

**- કિન્નરીબેન દવે**
**સામાજીક કાર્યકર**

● આ દેશમાં ઘણા પ્રશ્નો છે. આવા પ્રશ્નો જે લોકલાગણીને ઉશ્કેરે જે માણસની સંવેદના સાથે સંકળાયેલા છે. આ ગેંગરેપ પિડીતાના દોષિતોના એન્કાઉન્ટરનો નિર્ણય સરાહનીય છે. જો તેજ



અપરાધીઓને એન્કાઉન્ટર કરાયા હોય જેણે સાચેમાં આ ગુનો કર્યો છે.

**- મમતા રાવલ**
**સામાજીક કાર્યકર**

● હૈદરાબાદમાં પ્રિયંકા રેડ્ડી સાથે જે નિંદનીય બનાવ બન્યો, ટૂંકા ગાળામાં જે પરિણામ મળ્યું તે મારી દષ્ટિએ સરાહનીય છે. આજના ફાસ્ટ યુગમાં આટલું ઝડપી પરિણામ મળે તે જનતા માટે ખૂબ જ જરુરી પણ છે અને ગુનાગરો



માટે સબક પણ છે. હવે આવા બનાવ ન બને તે માટે કાયદો-વ્યવસ્થામાં નિયત મર્યાદામાં કેસનો નિકાલ થાય તેવા ફેરફારો કરવા અત્યંત આવશ્યક છે.

**- પ્રજ્ઞાબેન ગજ્જર**
**સામાજીક કાર્યકર**

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**પતિ પત્નિ ઔર વો**
૮.૫૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૩૦, ૮.૧૦, ૯.૩૦, ૧૧.૦૦
**પાનીપત**
૯.૩૦, ૧૧.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૩૦, ૧૦.૦૫
**કમાન્ડો ૩ - ૭.૧૫**

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**પતિ પત્નિ ઔર વો**
૮.૫૫, ૧૧.૩૦, ૨.૨૦, ૪.૩૦, ૫.૧૦, ૭.૧૫, ૮.૦૦, ૧૦.૫૦
**પાનીપત**
૯.૦૦, ૧૦.૧૫, ૧.૦૦, ૧.૫૦, ૩.૧૫, ૫.૨૫, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૧૫
**કમાન્ડો-૩**
૧૦.૧૦, ૧.૩૫, ૧૦.૦૦
**હોટલ મુંબઈ**
૧૨.૩૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૭.૩૫
**૨૪ કેરેટ પિત્તળ (ગુજરાતી)**
૪.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**પતિ પત્નિ ઔર વો**
૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૧૫, ૩.૪૫, ૫.૦૦, ૬.૩૦, ૭.૪૫, ૯.૧૫, ૧૦.૩૦
**પાનીપત**
૯.૧૦, ૧૦.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૫, ૬.૫૦
**કમાન્ડો-૩ - ૧.૧૫, ૯.૩૦**
**હોટલ મુંબઈ - ૪.૦૫**



સમદર્શન આશ્રમ સે-૧ ખાતે પૂજય ગુરૂમાના સાંનિધ્યમાં કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે. જેમાં શહેરના ધર્મપ્રેમી ભકતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## પેથાપુર ચોકડી પાસે અજાણી કારની અડફેડે ૫૧ વર્ષીય આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ચોકડી પાસે બાઈક-કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને શરીરે તેમજ અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના સાળાએ ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મણીલાલ જીવાભાઈ પ્રજાપતિ (ઉં.વ.૬૪) રહે. કલોલ મન. ઈ-૨-૨૦૨ ખાતે પોતાના પરીવાર સાથે રહે છે. અને નિવૃત જીવન પસાર કરે છે. ફરીયાદીના નાનાભાઈ દિકરા અને દિકરીના લગ્ન મોઢેશ્વરી ભવન પેથાપુર ખાતે રાખવામાં આવ્યા હતા ત્યારે ગતરોજ સાંજના સુમારે ફરીયાદી પોતાના બનેવીના બાઈક પર પેથાપુર ખાતે રસોઈયાને બોલાવવા માટે જઈ રહ્યા હતા. તે સમયે પેથાપુર ચાર રસ્તા નજીક અજાણી કારે ટક્કર મારતા બંન્ને નીચે પડકાયા હતા. માર્ગ પર નીચે પટકતા શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક સ્થાનિક એકઠા થયેલા નાગરીકોએ ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડયા હતા. તે સમયે ફરીયાદીના ફોઈના દિકરા પરેશ પ્રજાપતિ આવી પહોંચ્યા હતા અને અન્ય સગાઓ પણ આવી ગયા હતા. જેથી તાત્કાલીક બંનેને ઈજાગ્રસ્તોને હાઈટેક હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા ફરીયાદીના બનેવી મનુભાઈ પ્રજાપતિ (રહે. સોલા અમદાવાદ)નું સારવાર દરમિયાન ગત મોડી રાત્રીના સમયે મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના સાળા મણીલાલ પ્રજાપતિની ફરીયાદ નોંધી પેથાપુર પોલીસે અજાણી કાર અને ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.


## ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્માણ દિને ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા ઉપપ્રમુખ ગુલાબચંદ પટેલ તથા દલિતસેનાના પદાધિકારીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

# મહાત્મા મંદિર નજીકની કમ્પાઉન્ડ દિવાલો પર પણ 'મહાત્મા' છવાયા...!!

**'ખ' માર્ગ પર મહાત્મા મંદિરથી સે-૨૫ સુધીની કમ્પાઉન્ડ વૉલ પર ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓનું સ્વચ્છતા વિષયે પેઈન્ટિંગ કાર્ય**

















ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકા અને સી.એન.ફાઈન આર્ટ કોલેજ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા સર્વેક્ષણ – ૨૦૨૦ અંતર્ગત વિવિધ વિષયોની જાગૃતિ આપતાં વોલ પેઈન્ટીંગ મહાત્મા મંદિર થી ખ-૫ જવાના માર્ગ પર આવેલી દિવાલ પર દોરવામાં આવ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા અને સી.એન.ફાઈન આર્ટ કોલેજ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન, પોલ્યુશન, કુદરતી સંપદાને બચાવવા અને અન્ય જાગૃતિ આપતાં વિવિધ વિષયોને આવરી લઈ વોલ પેઈન્ટીંગ દોરવામાં આવ્યા હતા. ફાઈન આર્ટ કોલેજના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે સવારના ૧૧.૦૦ કલાકના સમયથી મહાત્મા મંદિર અને ખ-૫ જવાના માર્ગ પર સેકટર-૧૪ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કેમ્પસની દિવાલ પર પેઈન્ટીંગ દોરવાની શરૂઆત કરવામાં આવી હતી. આ ચિત્રો દોરવાનું કામ આજે સાંજના ૫.૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું.

આ વોલ પેઈન્ટિંગ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન કેતનકુમાર પટેલ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાઘર, મહાનગરપાલિકાના કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ મહાનગરપાલિકાના નાયબ કમિશનર ભરતભાઈ જોષી અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓની આ સુંદર ચિત્રકલાને નિહાળવા માટે નાગરિકો પોતાના વાહનો લઈ ઉભા રહી ગયા હતા. ચિત્ર દોરવાની વિદ્યાર્થીઓની ઝડપ અને કળા જોઈને મંત્રમુગ્ધ પણ થઈ ગયા હતા. આ માર્ગ પર આવતા જતાં લોકો માટે આ ચિત્રો ધ્યાનકર્ષિત બન્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંકલન ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.